

**સુપ્રભાતમ્**

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

## સલામી સવારની..

*થોર જેવા જીવનમાં પણ ગુલમોર જોઉં છું,*
*કાળાં ડિબાંગ વાદળોમાં રૂપેરી કોર જોઉં છું!*
*માણું છું ભજનની ભોર દુઃસ્વપ્નની રાત પછી*
*વૃદ્ધત્વે પણ બાલ્યસ્મૃતિનાં ફૂલોની ફોર જોઉં છું.*

**હાઈકુ**

*બફાઈ ગયા!*
*જાણે જુના બટાકા!*
*ઉતારો છાલ!!*
*(અનહદ બફારો)*

*નેતા પાસેથી -*
*શિખ્યા ઈન્દ્ર પણ!!*
*લ્યો!! ગાજ-વીજ*
*(વરસ્યા વગર)*

### ચિંતન

*કહા ભયે નર સૂધ બે સૂઝી, બિનુ પરિચય જગ મૂઢ ન બૂગી ।*
*મતિ કે હિન કવન ગુન અહકઈ, લાલચ લાગે આસા રહઈ ॥*

**ઉપરોક્ત દોહો કબીર બીજક ગ્રંથમાંતી લેવામાં આવેલ છે.**

**અજ્ઞાની મનુષ્યને વ્યવહારિક વિષય પદાર્થોનું જ્ઞાન થાય તો પણ શું? અર્થાત્ આત્મજ્ઞાન્ વિનાના મનુષ્યને વ્યવહારજ્ઞાન પ્રાપ્ત કર્યા વિના સઘળો સંસાર મૂઢ રહ્યો છે. મનુષ્યમાં આત્મજ્ઞાન જ એક વિશેષ ગુણ છે. લાલચનો બિચારો આશામાં ફસાઈ ગયેલો જીવ આત્માના ગુણ વિષે શું કહી શકશે?**

**વેદાન્ત વાક્યોને ઉપર-ઉપરથી જોતાં ભેદ ભાષે છે, પણ તત્ત્વતઃ જોતાં અભેદ છે. એ વાતને કબીરે 'વિનુ પરિચય જગ મૂઢ ન બૂઝી' એ વાક્યથી વ્યક્ત કરી છે.**

### સુવિચાર

- જે સરળ હોય એ જ સત્યને સમજે છે - **ટાગોર**
- જિંદગી ટૂંકી છે અને શુભપ્રસંગો ઘણા ઓછા છે અને વળી તકવાદી પણ હોય છે - **જીવનસૂત્ર**
- જીવનમાં હું એટલું શીખ્યો છું કે બીજું કોઈ આપણા પ્રશ્નો ઉકેલી આપે એવી આશા વધારે પડતી છે - **પ્રકાશ ગજ્જર**
- તકલીફો ના હોત તો તકો પણ ના હોત - **ભૂપત વડોદરિયા**
- નિર્ણયાત્મક બનવું એ જ ઉત્તમ છે... પછી ભલે કયારેક ખોટો નિર્ણય પણ લેવાઈ જાય - **એસ. ભટ્ટાચાર્ય**
- મેદાન છોડવાનો વારો આવે ત્યારે એ ના જ છોડવું ને ટકી રહેવું... એ જ જીતવાની ચાવી છે - **અખંડ આનંદ**
- આજનું ઔષધ : માઈગ્રેનના દુઃખાવામાં ૧૦ બદામ ચાવીને ખાવાથી ૧૫ દિવસમાં રાહત થાય છે

**(સંકલન : દિપક વી. આશરા)**

### બોધકથા

બંગાળના પી.સી.રોય એ સારા વૈજ્ઞાની અને દવાઓના જાણકાર હતા. તેમણે ફક્ત આઠસો રૂપિયાની મૂડી સાથે દવા બનાવવાનું કારખાનું શરુ કર્યું. એ વખતે અંગ્રેજો પણ દવાની કંપનીથી અઢળક નફો કરતા. પણ રોય તો જે દવાઓ બનાવતા તેની ગુણવત્તા ઉત્તમ રાખતા છતાં ભાવ તથા નફો નીચે રાખતા. એક વખત દવામાં નાખવાનો વનસ્પતિનો રસનો ઉપયોગ કરતા બે કલાક મોડું થયું તો તે રસનો રંગ બદલાઈ ગયો. આ રસ ખૂબ કિંમતી હતો. એક કર્મચારીએ રોયને રજૂઆત કરી. રોય બાબુએ તરત કહ્યું, 'આ રસ ફેંકી દો' કર્મચારીએ ડરતા ડરતા કહ્યું, 'સાહેબ, આ રસ કંઈ સાવ બગડી નથી ગયો. એમાં સહેજ ખરાબી જ થઈ છે. જો આપણે હજી એનો દવામાં ઉપયોગ કરીશું તો કોઈને ખબર નહીં પડે અને આપણી ગરીબ સંસ્થાને થતું મોટું નુકશાન અટકશે.' ત્યારે રોય બાપુએ કહ્યું, 'ભાઈ, દવાનું કામ માણસને સાજા કરવાનું છે. એ દવા જરા પણ હલકી કોટિની હોય તો એ દર્દીઓ સાથે આપણે રમત કરી ગણાય. આપણે આપણા ગરીબ દેશવાસીઓની તંદુરસ્તી સાથે એવી રમત આદરી ના શકીએ માટે જાવ અને એ રસ હમણાં જ ફેંકી દો.'

પી.સી.રોયની એ સંસ્થા 'બેંગાલ કેમિકલ' હજી પણ ઉત્તમ દવાઓ બનાવે છે.

# જીએસટી : વરદાન કે અભિશાપ

**તંત્રીસ્થાનેથી...**

કયારેક ફક્ત શેઠિયાઓની પાર્ટી તરીકે ઓળખ ધરાવતી ભારતીય જનતા પાર્ટીએ એના પાયાના સમર્થક વેપારી સમુદાયને મુશ્કેલીમાં ધકેલી દઈ બહુમતીના જોરે જીએસટી કાયદો પસાર કરી દીધો છે અને એ ઘટનાને દેશની વિવિધ ક્રાંતિઓની સરખામણીમાં 'કર ક્રાંતિ' જેવું રૂપકડું નામ પણ આપી દીધું છે. જો કે જીએસટીનો મૂળ વિચાર કોંગ્રેસનો હતો અને નિવૃત્ત થઈ રહેલા રાષ્ટ્રપતિ પ્રણવ મુખરજીએ એમના નાણાંમંત્રી તરીકેનો કાર્યકાળ દરમિયાન આ વિચાર વહેતો મૂકેલો એવો દાવો કરી પોતાના રાષ્ટ્રપતિ પદના અંતિમ ચરણે સમાન કર પ્રણાલીનો એમનો વિચાર અમલી બની રહ્યો છે એનો રાજીપો પણ વ્યક્ત કર્યો છે. મૂળે કોંગ્રેસનું ફરજંદ હોવા છતાં કોંગ્રેસીઓ મોદી-જેટલીના આ સહિયારા સરોગેટ બાળજન્મની ખુશી મનાવવાથી વેગળા રહ્યા છે. બલકે ઉત્સવપ્રિય મોદી સરાકરની 'કર રાત્રી'ને કેટલાક કોંગ્રેસી આગેવાનો તો 'કાળ રાત્રી' કહી વખોડી કાઢી છે. વિચાર ખૂબ જ સારો હોવા છતાં જો એના અમલીકરણ પૂર્વે જરૂરી કસરત ન કરવામાં આવે તો એનો વ્યાપક વિરોધ થવાની સંભાવના રહે છે. છેલ્લા કેટલાક દિવસોથી કેન્દ્ર સરકાર જીએસટીથી થનારા વિવિધ લાભોની અખબારો અને મીડિયામાં પાનાનાં પાનાં ભરીને જાહેર ખબરો આપતી હોવા છતાં વેપારી પ્રજામાં જીએસટી વિશે કોઈ પોઝિટિવ અભિપ્રાય ઊભો થઈ શક્યો નથી તે સૂચક છે. જીએસટીમાં સમાવિષ્ટ અવહેવારું નિયમોના વિરોધમાં રોજની કરોડોની ટર્ન ઓવર કરતાં માર્કેટ યાર્ડો બંધ રહ્યાં છે. ઊંઝા જેવું એશિયાનું સૌથી મોટું માર્કેટ યાર્ડ ચાર દિવસ બંધનું એલાન આપી ચૂક્યું છે. કૃષિ વેપારીઓએ દેશવ્યાપી બંધ પાળતાં ફક્ત વેપારીઓ જ નહીં, ખેડૂતો પણ નાણાંકીય કટોકટી અનુભવશે. દેશભરનાં કાપડ બજારો જીએસટી વિરુદ્ધ ત્રણ દિવસનો બંધ પાળી ચૂક્યાં છે. જીએસટી જેવા કાયદાને છેલ્લો ટચ આપતાં પહેલાં વેપાર અને ઉદ્યોગજગતના પ્રતિનિધિઓનો સંપર્ક સાધી એ લોકોના અભિપ્રાય લેવા જોઈતા હતા, પરંતુ મોદી સરકાર તો અરુણ શોરીના શબ્દોમાં અઢી નેતાઓની જોહુકમીથી ચાલતી સરકાર છે, જેમાં જેટલીથી મોટો કોઈ અર્થશાસ્ત્રી કે ધારાશાસ્ત્રી નથી. મોદીએ આંતરરાષ્ટ્રીય પ્રવાસોની ચાનક રહેતી હોઈ એમનો એક પગ ઈન્ડિયામાં અને બીજો વિશ્વના અન્ય કોઈ વિસ્તારમાં રહ્યા કરે છે. જીએસટીના વધુ પડતા ભારણને કારણે મોંઘવારી ચોક્કસ વધશે એવું તજજ્ઞોનું તારણ છે. ભારતીય ઉદ્યોગ વેપારમંડળની છઠ્ઠી જુલાઈએ મળનારી બેઠકમાં કદાચ સરકાર વિરુદ્ધ ગાંધી ચિંધ્યા માર્ગે અસહકારનું આંદોલન શરુ થાય તો નવાઈ નહીં. જીએસટીના માળખામાં રહેલી વિસંગતિઓના પ્રશ્ને વેપારીઓ અદાલતનો આશરો લે એવી સંભાવના પણ નકારી શકાતી નથી. વળી આ નવો કાયદો અમલી બનાવવા સરકારી અધિકારીઓ પર ઘૌંસ વધશે જે એક નવી જ જાતના ઈન્સ્પેકટર રાજમાં પરિણમી શકે. જીએસટીના અમલનો સાહસિક નિર્ણય કરીને મોદી સરકારે વધુ એક પડકાર ઊભો કર્યો છે. અગરબત્તી અને રેઝર કે ટૂથપેસ્ટ જેવી રોજિંદી જરૂરિયાતોથી લઈ મોબાઈલ ફોન અને પોટેટો ચીપ્સ સુધીની વિવિધ આઈટમો આજથી જ મોંઘી થઈ ગઈ છે. સામે આઈસ્ક્રીમ અને ચા-કૉફીમાં રાહત પણ મળશે, પરંતુ સરવાળે તો સામાન્ય માનવીના ખીસા પણ બોજ વધવાનો જ છે. જો કે નોટબંધી જેવો કઠોર નિર્ણય લઈ હજારોની લાઈનો લગાવ્યા બાદ પણ મોદી યેન કેન પ્રકારેણ એમનો જનાધાર યથાવત્ રાખી શક્યા હોય તો આંતરરાષ્ટ્રીય સ્તરે આવકાર પામી રહેલો એમનો જીએસટીનો નિર્ણય પણ આફતને બદલે તકમાં ફેરવાઈ જાય તો નવાઈ નહીં લાગવી જોઈએ.

# પર્યાવરણ મિત્ર – સજીવ ખેતી



**વનસૃષ્ટિનો પરિચય**

હેમંત સુથાર

આ પૃથ્વી પરથી પ્રાણી સૃષ્ટિના જીવોને તેના આહાર મુજબ મુખ્ય ત્રણ ભાગમાં વહેંચી શકાય, તૃણાહારી, માંસાહારી અને મિશ્રાહારી. માનવોને આખરે મિશ્રાહારી શ્રેણીમાં મુકી શકીએ. અન્ય જીવો પોતાનો આહાર કે ખોરાક બનાવી શકતાં કે પેદા કરી શકતા નથી ફક્ત કુદરતી સ્ત્રોતો અને સ્વરુપે તે ખોરાક મેળવે છે. જયારે માનવ ખેતી, પશુ-પક્ષી ઉછેર કરીને પોતાનો ખોરાક મેળવે છે. આ કારણે માનવ દ્વારા અન્ય જીવોની મદદ અથવા લાભો મેળવવામાં આવે છે.

ખેતીની વાત કરીએ તો માનવો જે ખેતપેદાશો ઉગાડે છે તે પ્રક્રિયા દરમિયાન અન્ય જીવોની મદદ કે ઉપયોગીતા કરતાં હાનિ કે નુકશાન વધુ થાય છે તેવી માનવીની અંગત સમજ છે. ખેતીને નુકશાન કરતાં જીવોમાં કીટકો, પક્ષીઓ અને પ્રાણીઓ સામેલ કહી શકાય. ખેતી માટે નુકશાનકારક આવા જીવોનો નાશ કરવા કે તેમનાથી ખેતી પાકોનું રક્ષણ કરવા માટે માનવોએ વિવિધ પ્રકારની પદ્ધતિઓ શોધી કાઢી છે અને તે મુજબ તે પોતાની ખેતી કે આહારનું રક્ષણ કરે છે. સામે પક્ષે કીટકો, પક્ષીઓ કે પ્રાણીઓ પણ પોતાના આહાર માટે ખેતી પાકોને આધાર ગણે છે.

માનવોએ ખેતીને નુકશાનકર્તા જીવોના નાશ માટે કે નિયંત્રણ માટે યાંત્રિક, જૈવિક, ભૌતિક અને રાસાયણિક પદ્ધતિઓ શોધી કાઢેલ છે. આવી પદ્ધતિમાં રાસાયણિક પદ્ધતિ એટલે મુખ્યત્વે ઝેરી દવાઓ (પેસ્ટી સાઈડ્સ)નો ઉપયોગ નુકશાનકારક જીવોની સાથે સાથે લાભકારક જીવોની હાનિ કે નાશ પણ કરે છે. વર્ષોના અનુભવ બાદ વૈજ્ઞાનિકોના ધ્યાને આ વાત ગંભીર સ્વરુપે વિચારણા માંગી લે તે સ્થિતિએ આવી ત્યારથી જૈવિક ખેતી કે જૈવિક નિયંત્રકોનો અભિગમ અપનાવવાનું શરુ થયું.





ખેતીના પાકોમાં જીવાતોના નિયંત્રણ માટે આહાર જાળ કે કડીનો માર્ગ અપનાવવામાં આવે છે. જેમાં એક જીવ - બીજા જીવને ખાય છે તે બાબતને ધ્યાને લઈને પરભક્ષી કીટકો, પરજીવી કીટકો, રોગકારકો જેવા કે ફુગ, જીવાણું, વિષાણુ, કૃમિ, પ્રજીવો તથા પરભક્ષી પક્ષીઓનો ઉછેર કરીને કે અન્ય રીતે ખેતીને નુકશાન કરતાં જીવાતોનો નાશ કરવાની પદ્ધતિઓ પર ભાર મૂકવામાં આવે છે.

નીલગાય, ભુંડ, ડુક્કર કે વાંદરા જેવા સસ્તન પ્રાણી અને બિજહારી તથા ફળાહારી પક્ષીઓ વગેરેને દૂર રાખવામાં માટે ખેતર ફરતે ચમકતી વસ્તુઓ કે પટ્ટી બાંધવાની પદ્ધતિ અપનાવાય છે. ઢોલ, ડમરૂ, ડબ્બા, ફટાકડા કે બંધુકના ભડાકાના અવાજો કરીને પણ જીવોને ભગાડવામાં આવે છે. ખેતરમાં ચાડિયા ઉભા કરવાની પદ્ધતિ પણ ખૂબ જ જાણીતી છે.

આમ, સજીવ ખેતીનો મુખ્ય હેતુ હાનિકારક જીવો સિવાયના અન્ય નિર્દોષ લાભદાયી જીવોનો નાશ ન થાય તથા પર્યાવરણ અન્ય માટી, પાણી કે હવાના ઘટકો દૂષિત ન થાય તે રહેલો છે.

# સેવા, શિક્ષણ, સ્વચ્છતા અને પ્રકૃતિનું પુનિતવન : ગોકુલધામ





**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

આપણા જીવનમાં ઘણી વખત એવી વ્યક્તિ કે સ્થળ આવતા હોય છે કે જેને આપણે વર્ષો સુધી ભૂલી શકતા નથી. આજકાલ એક તરફ વિશ્વ આખું વિકાસને નામે મોટી મોટી ગગનચૂંબી ઈમારતો, મૉલો અને મલ્ટિપ્લેક્ષ થિયેટરો બનાવીને આપણી પ્રજાને વૈભવશાળી જીવન જીવવાની કૂટેવ પાડી રહ્યું છે ત્યારે બીજી તરફ વિશ્વ આખામાં સ્વામી નારાયણ સંપ્રદાય એક એવો સંપ્રદાય છે જે વિશ્વભરમાં મૉલ સંસ્કૃતિ સામે મંદિર સંસ્કૃતિની વિભાવના મૂકીને, આર્થિક વૈભવની સામે આત્મિક વૈભવનું મૂલ્ય સમજાવી રહ્યો છે. જેને કારણે આજે વિશ્વના મોટા મોટા શહેરોમાં ભગવાન સ્વામીનારાયણના ભવ્યાતિભવ્ય મંદિરોના નિર્માણ થઈ રહ્યા છે. કારણ કે દુનિયાના લોકો જ્યારે મૉલ અને મલ્ટિપ્લેક્ષ કલ્ચરથી કંટાળીને મંદિરોને ઓટલે કે મંદિરોના પટાંગણમાં ઊગેલા વૃક્ષોના છાંયે આવીને શાંતિથી બેસે છે ત્યારે એમને પણ આર્થિક સંપતિ કરતા આત્મિક સંપતિનું સાચું મૂલ્ય સમજાય છે. સંતો આ બધું જાણે છે અને તે માટે અત્યારથી આવા લોકો માટે મંદિરોના નિર્માણ જરૂરી બને છે.

ખુદ ભગવાન સ્વામીનારાયણની શિક્ષાપત્રીના સંદેશને અનુસરીને '' માનવસેવા એ જ પ્રભુસેવા 'ને જીવનમંત્ર બનાવીને ' શ્રી નિત્યાનંદ સ્વામી એજ્યુકેશન ટ્રસ્ટ '(ગોકુલધામ) – પેટલાદ તાલુકાના નાર ગામે સ્થાપીને શિક્ષણ, સમાજસેવા અને આરોગ્ય વિષયક ઉમદા પ્રવૃતિઓનો આરંભ વર્ષ – ૨૦૦૩થી થયો છે. જેની પાછળ પૂ.સ્વામી સુકદેવપ્રસાદજી અને પૂ.સ્વામી હરિકેશવદાસજીનો અથાક પરિશ્રમ અને પ્રેરણા રહેલા છે. નેશનલ હાઈવે તારાપુર – ધર્મજ રોડ ઉપર હાલ ૨૨ એકર જેટલી વિશાળ જમીનમાં નિર્મિત ગોકુલધામ કેમ્પસની થોડા દિવસ પહેલા મુલાકાત લેવાનું થયેલું. ચારેતરફ વૃક્ષોથી આચ્છાદિત હરિયાળીસભર આ સ્થળ કોઈ ઉપવન જેવું લાગ્યું. જાણે કે યુગો પહેલા અહીં આપણા ઋષિમૂનિઓએ તપ કર્યું હોય એવી આ ભૂમિનું ચૂમ્બકત્વ કંઈક અનેરું હતું. સ્થળની વચ્ચે વિશાળ મંદિરનું બાંધકામ પૂર્ણ થઈ ગયું છે. લોખંડ કે લાકડા વિનાના આ મંદિરનું નિર્માણ ઓરિસ્સાના કારીગરોએ કર્યું છે. જેમાં ભગવાન સ્વામીનારાયણનો પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ તા. ૩, ફેબ્રુઆરી, ૨૦૧૮ ના રોજ યોજાઈ રહ્યો છે.

આ ગોકુળધામનું નિર્માણકાર્ય પ્રાચીન અને અર્વાચીન વિચારોના સમન્વયથી કરવામાં આવ્યું છે. અહીં વેદ પુરાણો અને ઋષિમૂનિ યુગની ઝાંકી થાય છે. આધ્યાત્મિક ઊર્જાના સ્ત્રોત્ર મળી રહે એવું વૈદિક વાતાવરણ પણ છે. અને ૨૧મી સદીના કોઈપણ સ્વપ્રિલ યુવાનને અહી રહીને સંશોધન કરવાનુંમન થાય એવુંશાંત અને નિરોગી – હવામાન પણ છે. આ ગોકુળધામમાં અંગ્રેજી માધ્યમની એક શાળા પણ છે. જેમાં વેદથી વેબ સુધીની વિકાસયાત્રા અને માતૃભાષાથી વૈશ્વિકભાષાનું શિક્ષણ આપવામાં આવે છે. અહી કે.જીથી પ્રાથમિક, માધ્યમિક વિભાગમાં કુલ ૫૫૦ જેટલા બાળકો આજુબાજુના ૪૫ ગામોમાંથી આવીને શિક્ષણ લે છે. આ શાળાની ખુબી એ છે કે અહી આપણી માતૃભાષાના શિક્ષકો તો બાળકોને ભણાવે જ છે પણ સાથોસાથ અમેરિકા, ઈંગ્લેન્ડ, મેકસીકો, સ્વીટ્ઝર્લેન્ડ, ઈઝરાયલ, સ્પેન, કેનેડા જેવા દેશોના શિક્ષકો પણ અહીં આવીને આધુનિક પદ્ધતિએ આપણા બાળકોને શિક્ષિત કરે છે. અહીં શાળાની દીવાલો અને છત ઉપર બ્રહ્માંડના સૂર્યમંડળના ભ્રમણના વૈજ્ઞાનિક ચિત્રો અને બાળકોને ગમતા કાર્ટૂન ચિત્રો પણ ચિત્રિત થયેલા છે. અહીં ગ્રંથોની વિશાળ લાયબ્રેરી છે તો કોમ્પ્યુટરની લેબ પણ છે. અહીં બાળકો સ્વામી સાથે ખુલ્લામાં બેસીને આશ્રમ પરંપરાનું વહન પણ કરે છે અને રૂમમાં કોમ્પ્યુટર પર બેસીને આધુનિક વિશ્વની નવી ઓળખે ય મેળવે છે. આ સ્કૂલનું એક જ મિશન છે કે બાળકોમાં ભૌતિક અને આધ્યાત્મિક મૂલ્યો પ્રસ્થાપિત કરીને તેમનામાં માનવમૂલ્યોનું આરોપી સ્વસ્થ અને સભ્ય સમાજનું નવનિર્માણ કરવું. અહીં યોગાથી માંડીને આધુનિક રમતો, ખેલકુદ, સાંસ્કૃતિક કલા પ્રવૃતિઓ પણ કરવામાં આવે છે.

આ ગોકુળધામમાં એક ભક્તિસેવાશ્રમ (વૃદ્ધાશ્રમ) પણ છે. હાલ આવનારા સમયની આ સૌથી મોટી સમસ્યા બનવાની છે. કેમ કે બે પેઢી વચ્ચેનું અંતર આજે વધી રહ્યું છે, ત્યારે અહીયા વૃદ્ધોને ઘરથી વિશેષ આશ્રય આપવામાં આવે છે. જેમાં સ્વચ્છ રૂમો, બે ટાઈમ ચા નાસ્તો, બે ટાઈમ જમવાનું, બગીચો, ચર્ચાસભા, હિંડોળો, વાંચન વિચાર ગોષ્ઠિ, સંગીતકલાની સુવિધાઓ પણ અહી ઉપલબ્ધ છે. એકદમ પારિવારિક વાતાવરણને કારણે અહી રહેતા વૃદ્ધોને કદાચ તેમના ઘરથી વિશેષ સુખ શાંતિ અહી મળતી હશે એ એમના ચહેરા પરનું તેજ જોતા અનુભવાયું હતું.

આ ગોકુળધામમાં એક મોટો મિનરલ વૉટર પ્લાન્ટ પણ નાખવામાં આવ્યો છે. જેના દ્વારા આજુ બાજુના અનેક નાના મોટા ગામોને સાવ નજીવા દરે શુદ્ધ પાણી પહોંચાડવામાં આવે છે. તો વળી સાત શૈક્ષણિક સંસ્થાઓના કુલ ૩૫૦૦ વિદ્યાર્થીઓને વિના મૂલ્યે શુદ્ધ પાણી પુરું પાડવામાં આવે છે આ સેવા કાર્ય વર્ષ ૨૦૦૮થી નિયમિત રીતે ચાલે છે. અહીયા આદર્શ ગૌશાળાની મુલાકાત પણ મેં લીધી હતી. જેમાં લગભગ ગીરની ૬૦ થી વધારે ગાયોની દેખરેખ રાખવામાં આવે છે. અહી ગાયો ખુલ્લામાં ફરી શકે છે અને ગૌશાળામાં અંદર ઉનાળામાં ગરમી ના લાગે એટલે તેમાં પંખા ફરતા પણ મેં જોયા હતા. આજે આપણે આપણા જ ઘરમાં આપણા જ માતા પિતાના રૂમમાં પંખો ચાલે છે કે નહીં તેની દરકાર રાખતા નથી. જ્યારે અહીં અબોલ પશુ માટે આટલી સંભાળ લેવી એ આજની પેઢી માટે આશ્ચર્યની ઘટના હશે. અહીં ગાયનું તાજુ દુધ પીવાની પણ મજા આવી. નાનપણમાં ૧૨/૧૩ વર્ષની ઉંમરે ગામડામાં સીધુ દોહેલું દુધ પીવા મળતું હતું. તે આજે ફરીથી ૩૫/૪૦ વર્ષે એ ક્ષણો ગૌશાળાની અંદર જ સાંપડી. ગાયના સાનિધ્યમાં. વાછરડાના માથે હાથ ફેરવતા જાણે કે મહાકાલ શિવલીંગને સ્પર્શ થયો હોય એવી અનુભૂતિ થવી એ પણ અહીંનું સત જ ગણાય. અહીં ગાયોના છાણ અને ગોમુત્રમાંથી ચાલતો એક ગોબર ગેસ પ્લાન્ટ નાખેલો છે જેમાં ગેસ ઉત્પન્ન કરીને રસોઈ ઘરમાં ઉપયોગમાં લેવામાં આવે છે.

અહીયા 'અતિથિ દેવો ભવ'ની વૈદિક સંસ્કારિતાની જાળવણી કરવાના હેતુથી ''અતિથિ ભવન'' પણ બનાવ્યું છે. જેમાં અહીંથી પસાર થતા યાત્રાસંઘો કે મુસાફરો માટે કે દેશ વિદેશમાં રહેતા હરિભક્તો માટે અદ્યતન સુવિધાવાળા રૂમોની વ્યવસ્થા છે. હરિભક્તો માટે નિઃશૂલ્ક રહેવા જમવાની વ્યવસ્થા પણ છે. અહીં અતિથિ ભવનની સ્વચ્છતા અને સુઘડતા પણ સ્વચ્છ ભારતના પ્રતીક સમાન છે.. અહી સ્થિત ભોજનાલયમાં દરરોજ આશરે ૮૫૦ જેટલી વ્યક્તિઓ ભોજનનો લાભ લે છે. અહી માણસ ઉપરાંત પક્ષીઓ માટે પણ ભોજનની વ્યવસ્થા સંદર્ભે ચબૂતરા અને પક્ષીગૃહો બનાવાયા છે. અને તેમાં દરરોજ જુવારની ચણ નાખીને નાના જીવોનું પણ

અનુસંધાન પાના નં. ૭ પર

# હર 'સપના' કુછ કહેતા હૈ ...!



**રજ્જળપાટ**

અજય ઉપાધ્યાય

'આજે મને જોરદાર સપનું આવ્યું '...' અચ્છા, શું હતું સપનામાં ? '....' એક મોટી કારમાં હું એક જોરદાર સિટીમાં ફરી રહ્યો છું, મોંઘા કપડા અને હાથમાં રહેલા આઈફોનથી વાતો કરી રહ્યો છું અને મેં રોડ પર જોયું તો ખુદ અમિતાભ બચ્ચન લીફ્ટ માંગતા ઉભા હતા !' ''અરે વાહ, પછી ? '...' મેં જેવી અમિતાભ ને લીફ્ટ આપવા મારી કાર રોકી..કે આંખ ઉઘડી ગઈ ! '..' ધત્ત તેરી કી....! થોડી વાર હજુ સુતું રહેવું હતું ને!..'...હસવું આવે એવો આ ડાયલોગ ભલે લાગતો હોય પણ મને ને તમને બધાને આ સપનાઓની સતામણી સેમ ટુ સેમ જ રહેતી હોય છે..! જી હા દેવીયો ઔર સન્નારીઓ જો કોઈ આપણને એમ પૂછે કે તમને સપના આવે છે ? તો મોટાભાગનાનો જવાબ એક જ હોય 'હા'...! ઘણાને સપનામાં અમિતાભ આવે કે ઘણાને મોદી... ઘણાને શમણામાં મેડોના આવે કે ઘણાને બાજુવાળા મંગરામાસી...ઘણાને ડ્રીમ મા કોઈ પાત્રો વગરના ખાલી પ્રદેશો પૂરતા પણ સપના આવે...ઘણાને ઢંગધડા વગરના આઈ મીન માથામેળ વગરના પણ સપના આવે...ઘણા સપનામા ઘણીવાર હોય ન્યુયોર્કમા અને બીજી સેકેન્ડે કોહલી સાથે ઈડન ગાર્ડનમાં બેટિંગ કરતા હોય એવા તીવ્ર ફેરફારવાળા પણ સપના આવે... ઘણાને હેપ્પી હેપ્પી તો ઘણાને સેડ સેડ સપના પણ આવતા હોય છે...! પણ ડંકે કી ચોટ પે યે બાત સચ્ચી હૈ કી સપને તો આવતા જ હોય છે...!

સપનાઓની એક અલગ અને અદ્ભૂત એવી અનોખી દુનિયા હોય છે, અને એ પણ હકીકત છે કે હજુ આજ સુધી કોઈ સપનાની આ દુનિયાનો તાગ નથી પામી શક્યો, હા તમે તમને કે બીજાને આવેલા સપનાનું પૃથ્થકરણ કરી શકો પણ એની કોઈ વિશ્વસનીયતા ના હોય, બધું જ જો અને તો પર ચાલતું હોય. એક સંશોધન મુજબ દુનિયાનો લગભગ દરેક વ્યક્તિ જ્યારે રાતે સૂએ છે ત્યારે તે ઊંઘમાં સપના તો જરૂર જુવે છે. જો કે દાવામાં કેટલી હકીકત છે તેના વિશે તો કંઈ ન કહી શકાય કેમકે ઘણા વીરો એવા પણ હોય છે કે ભાઈ મને ક્યારેય કોઈ રાતે સપનું નથી આવ્યું...! સપનાઓનો આ અલૌકિક સંસાર ખૂબ જ એક્સાઈટેડ છે. આપણે હજુયે સપનાઓને પુરાણ, ઈતિહાસ અને જ્યોતિષ સુધી જ જોડાયેલા જોઈએ છીએ પણ પશ્ચિમી જગતમાં સપનાઓને પરામનોવિજ્ઞાન, ચિકિત્સા વિજ્ઞાન વગેરેમાં ગણના કરીને એના પર શોધ અને સંસોધનો થાય છે.

એવું મનાય છે કે દરેક સપનાનો કોઈ ખાસ અર્થ હોય છે જો એ કાઢતા આવડે કે સમજતા આવડે તો. હર સપના કુછ કહેતા હૈ. તમને આવતા દરેક સપના એક એવી સર્ચલાઈટ ફેંકતા જતા હોય છે કે બની શકે કે સપનામાં આવેલી ઘટના ભવિષ્યમાં બની શકે. જો સપનાનું વિજ્ઞાન માનીએ તો સપના તમારા જીવનમાં સારા અને ખરાબ જે કાંઈ બનવાનું છે તેને એક આગાહી રૂપે સંકેત આપે છે પરંતુ મોટાભાગે આપણે એ સંકેતોને સમજી નથી શકતા. સપનાંનું પણ એક શાસ્ત્ર છે ભલે તમે માનો કે નાં માનો પણ દરેક સપના પાછળ કશુક છુપાયેલું હોય છે – કોઈ સંકેત હોય છે – કોઈ ચેતવણી હોય છે કે પછી કશુક ભવિષ્યકથન જેવું હોય છે.

સપના એ વાસ્તવમાં નિંદ્રાવસ્થામાં દિમાગમાં ચાલી રહેલી ક્રિયાઓ કે ઘટનાઓનું પરિણામ છે. વિજ્ઞાન મુજબ દરેક વ્યક્તિ દર રાત્રે બે થી ત્રણ સપના જુવે છે, રાત્રે સુતી વખતે જે વિચારો ચાલતા હોય અથવા તો દિવસ દરમ્યાન કોઈ વિચાર આવ્યો હોય અને એ અધુરો છોડી દેવાયો હોય એ જ ઘટના કે વિચાર સપના રૂપે આવવાની શક્યતા વધુ રહે છે. એક વાત એવી પણ છે કે અધુરી ઈચ્છાઓ સપનારૂપે આવ-જા કરતી હોય છે. ઘણાને યાદ રહે છે ઘણા ભૂલી પણ જાય છે. વિજ્ઞાન તો એમ પણ કહે છે કે સપના આવે એ સારું કેમકે એનાથી માનસિક તણાવ ઓછો થવામાં હેલ્પ થાય છે. સપના જોતી વખતે આંખોની ગતિ તેજ થાય છે, દિમાગમાં ઉત્પન્ન થતા તરંગોમા ફેરફાર નોંધાય છે અને શરીરમાં કોઈ રાસાયણિક પરિવર્તનો નોંધાય છે...અર્થાત સપના સાચા પડે નહિ તો કાઈ નહિ પણ એનાથી શરીરની કૈક લાભ તો થાય જ છે...!

સપના વિશેના થોડાક રોચક તથ્યો જાણશો તો તમે પણ અચંબિત થઈ જશો જેમકે આગળ લખ્યું એમ સરેરાશ લોકો દર રાત્રે ૩-૫ સપના જુવે છે અથવા એમ કહી શકાય કે ૩-૫ સપના આવે છે પણ આમાંથી ૯૦% લોકો જાગ્યાના દસ જ મીનીટમાં શું સપનું આવેલું એ ભૂલી જાય છે...! એ જ રીતે સપનાંમાં આપણે એ જ વ્યક્તિઓને જોઈએ છીએ જેને આપણે પહેલાથી જાણતા હોઈએ છીએ. તમને કદાચ વિશ્વાસ નહિ આવે પણ વ્યક્તિ પોતાની જીંદગીમાં લગભગ છ વર્ષ જેટલો સમય સપના જોવામાં વિતાવે છે.જો કે ૩-૪ વર્ષ ની ઉમર સુધી વ્યક્તિ સપના નથી જોઈ શકતી એ જ રીતે જ્યારે કોઈનાં નસકોરાં બોલતાં હોય ત્યારે તે સપનું જોઈ શકતો નથી.એ જ રીતે જેને પર્સનાલિટી ડિસઓર્ડરની બીમારી હોય તે વ્યક્તિ સપનાં જોઈ શકતી નથી...! બધા જ સપના કઈ ઈસ્ટમેન કલરમાં નથી જોવાતા, એક સર્વે મુજબ ૪% લોકો બ્લેક એન્ડ વ્હાઈટ સપના જુવે છે! રિસર્ચમાં એ પણ સાબિત થયું છે ઘણા સપના તમને કોઈ સમસ્યાનું સમાધાન શોધવામાં મદદ કરે છે. એક સર્વે મુજબ એક મોટાભાગના લોકોને પ્રેમપ્રસંગો અથવા અફેરના સપના વધુ આવે છે અથવા તો સતત આવે છે (આમાં નો કોમેન્ટ... કેમકે આ યુનિવર્સલ સપના પ્રોબ્લેમ છે...!). એટલે એને છોડો પણ જગતની ઘણી શોધોની પ્રથમ આકૃતિ જે તે શોધકને સપનામાં જ દેખાયેલી જેમકે જેમ્સ વોટસનને ડીએનએ ની ડબલ હેલિક્સ સ્પાયરલ રચના સપનામાં જ દેખાયેલી તો હેલીપ્સ હોવ ને સપનામાં સિલાઈ મશીન અને દિમિત્રી માંડલે કે જેને સપનામાં જ પીરીયોડીક ટેબલ દેખાયેલું. આ બધી જ શોધો પાછળથી ખરેખર અસ્તિત્વમાં આવી એ સપનાનો જ કમાલ હતો.

ખેર સપનાનું પણ એક શાસ્ત્ર છે અને આગળ લખ્યું એમ હર સપના કુછ કહેતા હૈ એ મુજબ આવો જોઈએ થોડા સપના અને એના અર્થો અથવા તો એના ફળો. જો આકાશમાં ઉડતા હોવ એવું સપનું આવે તો વિદેશયાત્રા અથવા લાંબી યાત્રા જો આકાશમાંથી પડતા દેખાય તો સંકટ આવશે, સૂર્યના દર્શન થાય તો કોઈ ખાસ વ્યક્તિ સાથે મુલાકાત થઈ શકે, ઘોડા ઉપર ચડતા દેખાવ તો પ્રગતી અને પડતા દેખાવ તો નુકશાન થાય અને ઊંટ ઉપર સવારી કરતા હોવ તો રોગીષ્ટ થવાની સમભાવના. જો સપનામાં વરસાદ પડતો દેખાય તો ઘરમાં અનાજની કમી થઈ શકે અને તરસ લાગી એવું સપનું આવે તો લોભ વધવો અને જો તલવાર દેખાય તો

અનુસંધાન પાના નં. ૭ પર